ક્રમાંક:જીઆઇડીસી/પોલિસી/પોસ્ટ વિતરણ/ ૧૯
જીઆઇડીસી,વડી કચેરી,ગાંધીનગર.
તારીખ:૨૧/૧૦/૨૦૨૪

// પરિપત્ર //

વિષય : પ્લોટ વિભાજન કે એકત્રીકરણની સત્તા જો અન્ય સત્તામંડળ પાસે હોય તો નિગમનું "ના વાંધા પ્રમાણપત્ર" મેળવ્યા વગર મંજુર કરાવવામાં આવેલ હોય તેવા કિસ્સાઓને નિયમિત કરવા બાબત.

સંદર્ભ : ૧) પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૩૮, તા.૦૩/૦૫/૨૦૧૬.
૨) નિગમની ૫૨૦ મી નિયામકમંડળની સભામાં થયેલ ઠરાવ ક્રમાંક:૪૫/પો.વિતરણ/૫૨૦ તા.૨૭/૦૯/૨૦૨૪.

નિગમની જુદી જુદી વસાહતો કે જે અન્ય સત્તામંડળની હદમાં આવતી હોય અને તેવી વસાહતોમાં કોઈ ફાળવણીદાર દ્વારા નિગમનું "ના વાંધા પ્રમાણપત્ર" મેળવ્યા સિવાય તા.૩૧/૦૩/૨૦૧૬ સુધીમાં પેટાવિભાજન કે એકત્રીકરણના નકશા મંજુર કરાવવામાં આવેલ હોય તો તેવા કિસ્સાઓને ૨% દંડની રકમ તથા પેટાવિભાજન ફી / એકત્રીકરણ ફી સાથે વણવપરાશી દંડ, બાકી લ્હેણાં વસુલ લઈ નિયમિત કરવા તેમજ તા.૦૧/૦૪/૨૦૧૬ પછી અન્ય સત્તામંડળ/સ્થાનિક સંસ્થા પાસેથી નિગમની પૂર્વ મંજુરી સિવાય કોઈપણ પેટાવિભાજન કે એકત્રીકરણ મંજુર કરાવેલ હોય તો નિયમિત ન કરવા બાબતે નિગમની ૪૮૮ મી સભા દ્વારા પસાર કરેલ ઠરાવ અન્વયે તા.૦૩/૦૫/૨૦૧૬ થી નીતિ અમલમાં મુકવામાં આવેલ છે.

જેમાં નિગમની પૂર્વ મંજુરી વિના અન્ય સત્તામંડળ/સ્થાનિક સંસ્થા પાસેથી પેટાવિભાજનના નકશા મંજુર કરાવેલ હોય તેમજ પેટાવિભાજીત થનાર પ્લોટના વિસ્તાર ઉપર પેટાવિભાજન ફી તથા ૨% દંડની રકમ વસુલવાની રહે છે. પરંતુ સદર ફી સંપૂર્ણરીતે ભરપાઈ કરવામાં ન આવતાં, વસાહતના વિકાસ નકશામાં આમેજની કાર્યવાહી તથા પેટાવિભાજીત પ્લોટના સ્કેચ તેમજ લીઝડીડની કાર્યવાહી પરિપૂર્ણ થઈ શકતી નથી. એટલે કે પ્રો-રેટાના ધોરણે ફી ની વસુલાત સાથે પેટાવિભાજન વિકાસ નકશામાં આમેજ કરવા અંગે સંદર્ભિત હયાત નીતિમાં ઉલ્લેખ ન હોઈ, નિગમની ૫૨૦ મી સભા દ્વારા પસાર કરેલ ઠરાવ અન્વયે સંદર્ભિત હયાત નીતિની અન્ય શરતો યથાવત રાખવા સાથે નીચે મુજબની શરતનો ઉમેરો કરી સદર પરિપત્ર અમલમાં મુકવામાં આવે છે:

(૧) નિગમની પૂર્વ મંજુરી વિના અન્ય સત્તામંડળ/સ્થાનિક સંસ્થા પાસેથી પ્લોટના પેટાવિભાજનના નકશા મંજુર કરાવેલ હોય, તેવા કિસ્સામાં નિગમની અમલિત તા.૦૩/૦૫/૨૦૧૬ ની નીતિ મુજબની જોગવાઈ અનુસાર પ્રો-રેટાના ધોરણે પેટાવિભાજન ફી અને દંડ જે-તે ફાળવણીદાર પાસેથી વસુલવાની રહેશે. જે પૈકી લઘુત્તમ એક ઉધોગકાર દ્વારા પ્રો-રેટા ધોરણે પેટાવિભાજન ફી અને દંડ ભરપાઈ કર્યેથી પેટાવિભાજન નિગમના વિકાસ નકશામાં આમેજ કરવાનું રહેશે. વધુમાં,

અન્ય પેટાવિભાજીત પ્લોટના ઉધોગકાર દ્વારા પેટાવિભાજન ફી અને દંડની રકમ ભરપાઈ કરેલ ન હોય તો ભવિષ્યમાં નિગમની કોઇ પણ પ્રકારની સેવા માટેની અરજી કરે ત્યારે વસુલાત કરવાપાત્ર વ્યાજ સહિતની પેટાવિભાજન ફી અને દંડની રકમ અથવા જે-તે સમયના પ્રવર્તમાન ફાળવણીદર મુજબની પેટાવિભાજન ફી અને દંડની રકમ પૈકી જે વધુ હોય તે રકમની વસુલાત કરવાની રહેશે.

નિગમના તમામ સંબધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ એ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

<u>નકલ રવાના</u> :

૧. મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવાં સારૂ તેમજ નિગમના રેકર્ડમાં નોંધાયેલ વર્તમાન ફાળવણીદારોના રજીસ્ટર ઇ-મેઇલ મારફતે પરિપત્રની જાણ થવા સારૂ.

૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.

૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

રવાના કર્યુ,

જનરલ મેનેજર (મહેકમ)